### વાઈબ્રન્ટ ગુજરાત... ગતિશિલ ગુજરાતના પોકળ દાવાઓ

# આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ અરવલ્લી જિલ્લાના ગામડાઓ વિકાસથી વંચિત

અરવલ્લી, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાનુ મેર ટીંબા ગામના



ગ્રામજનો આઝાદીના ૭૦ વર્ષપછી પણ પાકા માર્ગો અને પુરતા વાહનવ્યવહાર સુવિધાઓથી હજુ પણ વંચિત છે. અહીં આ ગામમાં ડામર રોડ નહિ બનતા અને પાયાની સુવિધાઓથી વંચિત રહેતા મેર ટીંબા ગામના લોકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે ગામમાં બાયડ તથા આસપાસના વિસ્તારોમાં આવેલ શાળા-કોલેજ જવા-આવવા ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે. આરોગ્ય વિષયક સેવાઓના અભાવે બીમારીના સમયે ખુબ જ હાલાકી વેઠવી પડે છે. કાચા રસ્તાના પગલે બીમાર વ્યક્તિને ઈમરજન્સી સારવાર માટે એમ્બ્યુલન્સ ન આવી શકતા ખાટલામાં નાખી દવાખાને પહોંચાડવા પડ્યા હોવાની અનેક ઘટનાઓ બની છે. વાઈબ્રન્ટ ગુજરાત અને ગતિશિલ ગુજરાતના દાવાઓ પોકળ સાબીત થતા અરવલ્લી જિલ્લામાં અનેક ગામડાઓ ૭૦ વર્ષ આઝાદીના પછી પણ વિકાસથી વંચિત અને સુવિધાઓનો અભાવ જોવા મળી

**બાયડ તાલુકાનુ મેર ટીંબા ગામ પ્રાથમિક સુવિધાઓના નામે શૂન્ય સ્થિતિ**

રહ્યો છે.

ગતિશિલ ગુજરાત અને





વિકાસની ગાથાઓ ગાતી રાજ્ય સરકાર વાઈબ્રન્ટના નામે તાયફાઓ કરી કરોડો રૂપિયાનુ એંધાણ કરે છે ત્યારે ગુજરાતમાં બીજી બાજુ આવા વિકાસથી વંચિત ગામડાઓ માટે સરકારે સમય ફાળવી આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ પાયાગત સુવિધાઓથી અલિપ્ત ગામડાઓમાં પાયાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ગુજરાતના ગામડાઓની પ્રજા માંગ કરી રહી છે.

બાયડ તાલુકાના મેર ટીંબા ગામમાં આઝાદીના ૭૦ વર્ષ પછી પણ વાહનવ્યવહારની સુવિધા નથી અને ગામમાં આજદિન સુધી પાકી સડક બનાવવામાં આવી નથી. દિવસ દરમિયાન તો ગ્રામજનો ગમે તેમ કરીને ખાનગી અથવા થોડેક દૂર ત્રણ કિ.મી. જેટલા ચાલીને રોડ પર આવીને વાહનોનો સહારો મેળવી લે છે. પરંતુ રાત્રી દરમિયાન જો મુશ્કેલી આવી પડે ત્યારે અહીં પાકી સડક ન હોવાના લીધે ઈમરજન્સીમાં આરોગ્ય વિષયક સેવા ૧૦૮ની મદદ પણ આ ગ્રામજનોને મદદરૂપ બની શકતી નથી. જેના લીધે બિમારીમાં કે પ્રસુતિના સમયે દર્દીને ખાટલામાં નાખી લઈ જવા પડે છે. ચોમાસાની ઋતુમાં ગ્રામજનોના તમામ કામકાજ બંધ પડી જવાની સાથે બહાર અભ્યાસ



કરતા વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ બગાડવા મજબૂર બની જાય છે. આ બાબતે ગ્રામજનો દ્વારા વારંવાર વહીવટીતંત્ર અને રાજકીય પક્ષોના નેતાઓ સમક્ષ રજૂઆત કરવા છતાં આજદિન સુધી પરિણામ શૂન્ય છે. આ ગામની પરિસ્થિતિથી વાકેફ થવા જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ ગામની રૂબરૂ મુલાકાત લઈ ગામની પાયાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ગ્રામજનોએ જિલ્લા વહીવટીતંત્ર સમક્ષ મીડીયાના સહારે ઉગ્ર માંગ કરી છે. મેરીટીંબા ગામના વિકાસ અંગે યોગ્ય કાર્યવાહિ ન થાય તો ક્ષત્રિય સમાજના આગેવાનો અને ગ્રામજનોએ આંદોલન કરવાની અને ભૂખ હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.

## લગ્ન પ્રસંગોમાં બિનજરૂરી ખર્ચા ઓછા કરવા જોઈએ : જેઠાભાઈ પટેલ

મોડાસા, તા.૩૧

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના નાંદીસણ ગામે દૂધ ઉત્પાદકો અને સહકારી આગેવાનો, ચેરમેનો અને સભાસદોની જાહેર સભાને સંબોધતા ગુજરાત મિલ્ક ફેડરેશનના અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલે ભારપૂર્વક જાહેર કર્યું હતું કે પોતાના દીકરા-દીકરીઓના લગ્નપ્રસંગો ખૂબ જ સાદગીથી ઉજવવા જોઈએ. તેમણે કહ્યું કે તાજેતરમાં જ તેમના પુત્રના લગ્નપ્રસંગે કોઈને બહારના લોકોને કે આગેવાનોને પણ આમંત્ર્યા વિના ખૂબ સાદગીથી પ્રસંગ ઉજવ્યો હતો તેથી જ આપને પણ સલાહ આપું છું કે દેખાદેખી કરીને ખોટા ખર્ચ કરશો નહિ.

નાંદીસણ ગામે દૂધ મંડળીના નવા મકાન અને બીએમસિયુંના ઉદઘાટન પ્રસંગે યોનાયેલા સમારોહમાં બોલતા તેમણે દૂધ ઉત્પાદકોને સરેરાશ ૨૫થી ૫૦ લીટર રોજનું દૂધ પેદા કરવા સારી ઓલાદની ગાયો-ભેંસો ખરીદવા અને દૂધ ઉત્પાદનમાં પોતાના પુત્ર-પુત્રીઓને પણ નાનપણથી જ માહેર કરવા અને અભ્યાસ સાથે દૂધ અને ખેતીમાં પણ પુરતું ધ્યાન આપે અને શીખે તો આગળ જતાં દૂધના વ્યવસાયને સારી રીતે કરી શકે તેમ જણાવ્યું હતું.

ચેરમેન જેઠાભાઈએ જણાવ્યું કે તાજેતરમાં મારા પુત્રના મેં લગ્ન લીધા હતા તેમાં મારી સાબરડેરીના પણ કોઈ ડિરેક્ટરો કે સંઘના કોઈ અધિકારી કર્મચારી કે બંને જિલ્લામાંથી કે બહારથી કોઈ જ નેતાઓને પણ બોલાવ્યા નથી. અરે ગામના પ્રથમ નાગરિકને પણ બોલાવ્યા નથી. અરે બેન્ડ વાજા કે અન્ય ઝાકમઝોળના પણ કોઈ જ ખર્ચ કરેલ નથી.

બિલકુલ સાદગીથી લગ્ન પ્રસંગ ઉજવ્યો હતો તેથી જ આપ સહુને ભારપૂર્વક કહું છું કે આપણને આવા ખોટા ખર્ચા પોસાય નહિ. માત્ર જરૂર પૂરતા જ અને અનિવાર્ય હોય તેટલા જ સામાન્ય ખર્ચે પ્રસંગો કરવા જોઈએ.

હળવી શૈલીમાં અને ગ્રામ્ય પ્રજાની આગવી તળપદી ભાષામાં બોલતા તેમણે દૂધ ઉત્પાદકો અને પશુપાલક ખેડૂતોને આગ્રહ કર્યો કે દૂધના પેમેન્ટમાંથી બને તેટલી બચત કરજો. ભાવ ફેરની રકમ પણ બચત કરજો અને પોતાના છોકરા-છોકરીઓને ભણાવજો પણ નોકરી માટે નહીં.કારણ કે નોકરીઓ મળવાની નથી. શિક્ષિત કરશો તો દૂધ કે ખેતીના વ્યવસાયને સારી રીતે કરી શકશે. માટે શિક્ષણ તો આપવાનું જ છે.

તેમણે લગ્નોમાં વરઘોડામાં ઘોડા, બેન્ડવાજા. મોટા ભોજન સમારંભો, મોટા મંડપોમાં સહિતના ખર્ચા કરવા ઉપર સ્પષ્ટ નારાજગી વ્યક્ત કરી હતી અને આવા ખર્ચ ને તિલાંજલિ આપવા ઉપર ભાર મુક્યો હતો. ૪૦ મિનિટના તેમના વકતવ્ય દરમિયાન તેમણે દૂધ ના વ્યવસાયને અપનાવો વધુ દૂધ ઉત્પાદન કરો. લગ્નોમાં ખોટા ખર્ચ નિવારો. બચત કરવી વગેરે બાબતો ઉપર ભાર મુક્યો હતો. તેમણે કહ્યું કે મેં પોતે કર્યુ છે તેથી તમને કહું છું. આ પ્રસંગે વિસ્તારના આગેવાનોને નાંદીસણ દુધ મંડળીના જયેન્દ્રસિંહ ચૌહાણે આવકાર્યા હતા અને સ્વાગત કર્યું હતું.

## બાઈના મુવાડાથી તલોદ જતો ખારી નદી ઉપર ૨૦૦ લાખના ખર્ચે બ્રીજ બનશે

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના બાઈના મુવાડા અને-તલોદ વચ્ચે આવેલ ખારી નદી ઉપર ૨૦૦ લાખના ખર્ચે મીની બ્રીજ બનશે જેથી બાઇના મુવાડા સહિતના ગામોને સમય સાથે ચોમાસામાં પડતી દુવિધાઓ દુર થશે અને અંતર પણ ધટશે.

બાઈના મુવાડાથી તલોદ તરફ જવાના રસ્તા વચ્ચે ખારી નદી ઉપર બ્રીજ બાંધવાને લઈને ગામજનોની અનેક વાર અગાઉ રજુઆતો કરવામાં આવી હતી પણ રજુઆતો ધ્યાને લેવામાં આવતી ન હતી ત્યારે બાઈના મુવાડા તથા આજુબાજુના ગામજનો દ્વારા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને રજુઆતો કરતાં ધારાસભ્ય દ્વારા માર્ગ અને મકાન વિભાગમાં ધારદાર રજુઆતો કરતાં તલોદ- બાઇના મુવાડા વચ્ચે ૨૦૦ લાખના ખર્ચે મીની બ્રીજ બનાવવામાં આવશે અને ગ્રામજનોને ચોમાસા દરમ્યાન અને ચોમાસા પછી તલોદ-મુવાડાના રસ્તાને લઇ સમસ્યાનો અંત આવશે અને ખારી નદી ઉપર બ્રીજ બનશે તો અનેક ગામોને ફાયદો થશે જેથી બાઇના મુવાડા સહિત આજુબાજુના ગામોને પણ રાહત થશે જયારે આ સમાચાર બાઇના મુવાડા તથા આજુબાજુના ગ્રામજનોને મલતાં ગ્રામજનોમાં આનંદ જોવાં મલ્યો હતો.







**મોડાસાની સરસ્વતિ વિદ્યાલયમાં હિમપ્રાતમાં દટાયેલા શહિદોને શ્રદ્ધાંજલિ**

જમ્મુ-કાશમીરના ગુરેજમાં હિમપ્રાતમાં ભારતીય લશ્કરના જવાનો હિમશિલાઓ તુટી પડતા ૧૫ થી વધુ જવાનો અને અન્ય નાગરિકો દટાઈ જવાથી મોતને ભેટ્યા હતા. સરસ્વતિ વિદ્યાલય મોડાસાના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ અને સ્ટાફગણ દ્વારા ભારત માતાની રક્ષા કરતા જવાનોને અનોખી શ્રદ્ધાંજલિ અર્પી મહાઆરતી ઉતારી દિવડાઓ વડે શહિદો માટે શાંતિ પ્રાર્થના કલાકૃતિનું નિર્માણ કરી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી હતી.

## સાધ્વી જયશ્રીગિરિ સબ જેલને હવાલે..!

મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગિરીના ૧ દિવસના



પોલીસ રિમાન્ડ પૂર્ણ થતા આજે પાલનપુર કોર્ટમાં રજૂ કરાઈ હતી. જ્યાં નામદાર કોર્ટે, સાધ્વીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરતા સાધ્વીને સબ જેલને હવાલે કરાયા હતા.

મોકેશ્વર મઠના વિવાદિત સાધ્વીના છેતરપિંડી કેસમાં ૧ દિવસના પોલિસ રિમાન્ડ પૂર્ણ થયા હતા. જેથી પોલીસે તેઓને કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડની માંગ કરી હતી. જયારે સાધ્વી જયશ્રીગિરીએ જમીન અરજી રજુ કરી હતી. જોકે, બંને પક્ષની દલીલો મોડી સાંજ સુધી ચાલી હતી.

દરમિયાન, મોડી સાંજે નામદાર કોર્ટે સાધ્વીની જમીન અરજી ફગાવી દીધી હોવાના અહેવાલ મળ્યા હતા. જયારે પોલીસની રિમાન્ડની માગણી નકારી સાધ્વી જયશ્રીગિરીને પોલીસ કસ્ટડી માંથી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરતા આખરે સાધ્વીને સબજેલને હવાલે કરાયા હોવાના અહેવાલ મળ્યા હતા. જોકે, આવતીકાલે પ્રોહીબિશનના ગુના મા પોલીસ પુનઃ સાધ્વીને કોર્ટ મા રજૂ કરી શકે છે તેવા અહેવાલ સાંપડ્યા છે.

## સાધ્વી વિરૂદ્ધ વધુ એક પીડિતનો ધડાકો

બનાસકાંઠામાં વિવાદિત સાધ્વી વિરૂધ્ધ વધુ એક ખુલાસો થયો છે. પાલનપુરના ભરતભાઈ મેવાડા સામે આવ્યા છે કે જેમણે સાધ્વી પાસે થી વ્યાજે પૈસા લઈ મુસીબત વહોરી હતી. પીડિત ભરતભાઈ મેવાળાનું માનીએ તો, સાધ્વી અને તેના સાગરીતોએ નાણાં વ્યાજે આપ્યા બાદ ૧૫% થી ૩૦% પઠાણી વ્યાજ વસુલ કર્યું હતું. અને માર માર્યો હતો. જેમાં સાધ્વી ના ગુંડાઓ પણ જોડાયા હતા.જોકે આજે પીડિત ભરત મેવાડા એ પુરાવારૂપ ઓડિઓ રજૂ કરી સાધ્વી વિરુધ્ધ ફરિયાદી



કરવાની જાહેરાત કરી હતી.

પીડિત ભરત ભાઈએ સાધ્વી વિરુદ્ધ કેટલાક ખુલાસા કરી તેણે કરેલા કરતૂતો બયાન કર્યા હતા. સાધ્વીએ ભરત પાસેથી ૬ લાખના ૩૫ લાખ વસુલ્યા છે. સાધ્વી ભરતભાઈ સહિત પરિવારને માર મારતાં હતા. ૫૦ ટકા થી વધુ વ્યાજ વસુલાતા હોવાનો આક્ષેપ ભરતભાઈએ કર્યો હતો. આમ, એક પછી એક સાધ્વી પીડિત લોકો આગળ આવતા સાધ્વીની મુશ્કેલીઓ વધી રહી છે.

### સાધ્વી જયશ્રીગિરિ પ્રકરણમા એક નવો વિવાદ : ફાયરીંગના ફોટા વાયરલ

વિવાદનો પર્યાય બનેલી સાધ્વી જયશ્રીગિરીના નામે નિત નવા વિવાદો બહાર આવી રહ્યા છે. ત્યારે, સાધ્વી જયશ્રીગિરી પ્રકરણમા એક



નવો વિવાદ બહાર આવ્યો છે. જેમાં મુક્તેશ્વર ખાતે થયેલા ધાર્મિક કાર્યક્રમ મા ફાયરિંગના ફોટા વાઈરલ થયા છે. જેમાં આઉટ સ્ટેટ ના શૂટર દ્વારા ફાયરિંગ થયુંહોવાના અહેવાલો બહાર આવ્યા છે. મોકેશ્વર ખાતે ડાયરામા ૨૦૦૦ની નવી ચલણી નોટો ઉછાળી ફાયરિંગ કરાયું હતું. જે લોકો ને ભયમા રાખવાનો નુસખો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આમ, સાધ્વી પ્રકરણમા દિન-પ્રતિદિન વિવાદો વધતા જાય છે.

## મેઘરજ તાલુકાને રાજ્ય સરકારની ભેટ

મેઘજ તાલુકા પંચાયતનું મકાન જર્જરીત હતુ અને તેમાં તાલુકા પંચાયત કાર્યરત હતી. મેઘરજ માટે નવુ તાલુકા પંચાયતનું ભવન બને તે મેઘરજ તાલુકાની જનતાના હિત માટે ખુબ જ જરૂરી હતુ. ભાજપાના પ્રમુખ રણવીરસિંહ ડાભી, સંસદસભ્ય દિપસિંહ રાઠોડ, પૂર્વ ધારાસભ્ય હિરાજી ડામોર અને ભીખીબેન પરમાર, બિલોડા વિધાનસભાના ઝોન પ્રભારી-જિલ્લાના મહામંત્રી શામળભાઈ પટેલ અને મેઘરજ તાલુકા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ સુવેરા, પ્રમુખ એન.કે. પટેલ, ભિખાજી ડામોર, નિલાબેન મડિયા, જયવંતીકાબેન ડામોર વિગેરેના અથાગ પ્રયત્નો અને રજુઆતોથી ગુજરાત સરકારે રૂ. ૨ કરોડ ૪૦ લાખ જેવી માતબર રકમ નવી તાલુકા પંચાયતના મકાન માટે મંજુર કરતા મેઘરજ તાલુકા અને જિલ્લાની જનતા પંચાયત મંત્રી જયંતીભાઈ કવાડિયા તથા પ્રભારી મંત્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આભાર માને છે.

## પાલનપુર નગરપાલિકાની છઠ્ઠી સાધારણ સભામાં પણ એક મિનિટમાં પૂર્ણ

### સભામાં શાસક પક્ષ : મંજુર... મંજુર અને વિરોધ પક્ષ : શરમ કરો ... શરમ, બસ સભા પુરી

જિલ્લા મથક પાલનપુરમાં નગર પાલિકા માં ભાજપ સત્તા માં આવ્યા બાદ આજ રોજ પાલિકા ના સભાખંડ ખાતે છઠ્ઠી સાધારણ સભા યોજાઈ હતી પરંતુ ભાજપ ની બહુમતી સામે વિપક્ષ માં બેઠેલી કોંગ્રેસ ને એકવાર પણ સાધારણ સભા માં રજૂઆત કરવા ની તક ના મળતા કોંગ્રેસના નગર સેવકો માં રોષ જોવા મળ્યો હતો

પાલનપુર શહેર માં વિકાસ ના કામો ને લઈને દર ત્રણ માસે પાલિકા માં સાધારણ સભા નું આયોજન કરવામાં આવે છે જેમાં શાસક પક્ષ દ્વારા શહેર માં સરકારની ગ્રાન્ટ માંથી કરવામાં આવેલા વિકાસ કામ ના નિર્ણય ની ચર્ચા બેઠક માં મુકવામાં આવે છે જો કે ભાજપ શાસિત પાલિકા માં છેલ્લી છ સાધારણ સભા માં બહુમતી ના જોરે મંજુર..... .મંજુર ના સુર વચ્ચે ગણતરી ની મિનિટો માં સભા પુરી કરી દેવામાં આવે છે જેના લીધે વિપક્ષ માં બેઠલી કોંગ્રેસ ની હાલત મુકબધીર જેવી થઇ ગઈ છે આજ રોજ યોજાયેલ સાધારણ સભા માં ૧ થી ૧૪ જેટલા શહેરમાં વિકાસ કામો માત્ર એક જ મિનિટ મંજુર કરી દઈ સભા ની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ હતીજેના લીધે વિરોધ પક્ષ ના કોંગેસ ના નગરસેવકોએ શાસક પક્ષ ને શરમ કરો..શરમ હવે એમ કહી નારાજગી વ્યકત કરી હતી

આ સાધારણ સભા માં



પાલિકા પ્રમુખ નીલમબેન જાની ,ઉપપ્રમુખ અશોક ઠાકોર ,કારોબારી ચેરમેન જયંતિભાઈ પઢીયાર ,શાસક પક્ષ નેતા હસમુખભાઈ પઢીયાર ,ચીફઓફીસર સહીત પાલિકા સ્ટાફ અને નગરસેવકો હાજર રહયા હતા

વિકાસ કામો માત્ર એક જ મિનિટ મંજુર કરી દઈ સભા ની કાર્યવાહી પૂર્ણ કરી દેવાઈ હતી જેના લીધે કોંગ્રેસ ના વિપક્ષ નેતા અમૃત જોશી એ ભાજપ પર આક્ષેપ કર્યો હતો કે ભાજપ ના સતાધીસો નો વિકાસ ના કામમાં થયેલા ભ્રષ્ટાચાર ની પોલ ખુલ્લી ના જાય તેવા ડર થી ઝડપતી સભા છોડી ને ભાગી જાય છે.

તો બીજી તરફ વિપક્ષ ના નેતા ના નિવેદન પર વળતો પ્રહાર કરતા પાલિકા પ્રમુખ નીલમબેન જાની એ જણાવ્યું હતું કે કોંગ્રેસ ને પાલનપુર શહેરના ના વિકાસ માં કોઈ રસ નથી સાધારણ સભા આગાઉ દરેક સભ્યો ને એજન્ડા મોકલી દેવામાં આવે છે જેમાં વિકાસ કામો ની તમામ વિગત હોય છે છતાંપણ વિકાસ કામોમાંવિરોધ સિવાય કોંગ્રેસ કોઈ સુર હોતો નથી.